Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૭ · અંક : ૧૪ · તા. ૨૯ માર્ચ થી ૦૪ એપ્રિલ ૨૦૧૪ · વાર્ષિક લવાજમ ૫૦ · Regn.No. MH/MR/East/53/2012-14

## સ્વયંસિધ્ધા : ઘાટકોપર - વિદ્યાવિહાર - ચેંબુરની લેડીસ વિંગ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી ખુબ ઉલ્લાસપુર્વક થઈ








**ડાબેથી :** મુખ્ય મહેમાન દત્તાબેન ખીમજીને આવકારી રહેલા સ્વયંસિધ્ધાના પ્રમુખ જયશ્રી દંડ, વચ્ચે દીપ પ્રાગટ્ય કરી રહેલા મહિલા મહાનુભાવો જમણે ટી.વી. રિપોર્ટર ઉર્વશી ખોનાનું સન્માન

સ્વયંસિધ્ધાઃ ઘાટકોપર – વિદ્યાવિહાર – ચેંબુરની લેડીસ વિંગ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ તા. ૮.૦૩.૧૪ ની ઉજવણી અગ્રસેન હોલ, ઘાટકોપર પુર્વમાં ખુબ ઉલ્લાસપુર્વક થઈ.

મુખ્ય મહેમાન શ્રીમતી દતાબેન મહેન્દ્ર ખીમજી હતા. ડો. ઉર્વી મહેશ્વરી (એમ.ડી) એ મેનોપોજ વિશે સમજ આપી. આશા સોનીએ યોગ તેમજ ૫ -૧૦ મિનિટમાં થઈ શકે એવાં ધ્યાનની ટેકનિક બતાવી.

ટીના ધરમશી જેઓ ટી.વી. તેમજ ફિલ્મ લાઈનમાં સેટસ બનાવે છે, ખ્યાતિ ધરમશી જેઓ આથર્થિક બાબતે વિશે અંગ્રેજી છાપાઓમાં ફ્રિ લાન્સ પત્રકાર છે તેમજ ઉર્વશી ખોના જેઓ ટી.વી.માં ફ્રી લાન્સ રીપોર્ટર છે આ ત્રણેએ પોતપોતાનાં વ્યવસાયની માહિતી આપી તેમજ તેમના અનુભવો શેઅર કર્યા. સંસ્થાએ આ ત્રણેયનું બહુમાન કર્યું.

આ પ્રોગ્રામમાં લગભગ પોણા બસો જેટલાં સભ્યોએ ભાગ લીધો. નાસ્તાની વ્યવસ્થા પણ બહેનો દ્વારા જ કરવામાં આવેલ. કાર્યક્રમનું સંચાલન હેમા શાહએ કરેલ. શોભા લોડાયાએ આભાર વિધિ કરી.









ડાબી તસ્વીર : ફિલ્મી સેટ વિશે માહિતી આપી રહેલા ટીના ધરમશી, વચલી તસ્વીરઃ સરળયોગની સમજ આપી રહેલા આશા સોની, જમણી તસ્વીર : સંબોધન કરી રહેલા ફ્રિલાન્સ પત્રકાર ખ્યાતિ ધરમશી

**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 14/2014**

**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri. R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર મંગળવાર સુધી

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

# કે.ડી.ઓ. યુવા પ્રતિનિધી વિનિમય કાર્યક્રમ

જ્ઞાતિના યુવા વર્ગને સામાજિક પ્રવૃત્તિઓ અને સામુદાયિક વિકાસના કામમાં સહભાગી કેમ કરવા એ બાબત વિચારણા કરતા મને કે.ડી.ઓ. યુવા મિલનોના ખ્યાલ આવ્યો અને છેલ્લા બે દાયકાથી તે ખ્યાલ સફળતાપુર્વક જ્ઞાતિને માટે ઘણા ફાયદા કરાવતો રહ્યો છે. આજે ભારતના ઘણા વિસ્તારોમાં વસતા આપણા જ્ઞાતિના યુવાનોને સામુદાયિક પ્રવૃત્તિઓમાં આગળ પડતો ભાગ લેતા જોઈ આનંદ થાય છે. તેઓ આજના નેતા તો છેજ અને આવતી કાલના નેતાઓને તૈયાર કરવામાં પણ મહત્વની ભુમિકા ભજવી રહ્યા છે.

જોકે, આજના સમયમાં રાષ્ટ્રીય સ્તરે યુવા મિલનો યોજવાનું કામ ખુબજ ખર્ચાળ - લગભગ ૩૫ થી ૫૦ લાખ રૂપિયા માંગે તેવું થઈ ગયું છે. આજે આપણને ઓછા ખર્ચે યુવામિલનો દ્વારા મળતા બધા કે તેથી વધુ ફાયદા અપાવે તેવી વધારાની પ્રવૃત્તિ અંગે વિચારવાની જરૂરત ઊભી થઈ છે.

મને લાગે છે કે ૧૦ - ૧૫ વર્ષ પહેલાં દક્ષિણ ભારત કે.ડી.ઓ. જૈન એકમ દ્વારા બેંગલોર, હુબલી, ગદગ, હૈદરાબાદ, કોચીન, કલીકટ, કોઈમ્બતુર અને ચેન્નઈ જેવા જ્ઞાતિજનો સારી સંખ્યામાં વસતા હોય તથા સારું આંતરમાળખું ધરાવતા શહેરોના પાંચ કે તેથી વધુ યુવાનો એક - બીજાના શહેરમાં જઈને રહે તથા ત્યાંની રહેણી - કરણીનો અભ્યાસ કરી વિચાર વિનિમય કરે તેવો કાર્યક્રમ સફળતાપુર્વક હાથ ધરાય તો તેના આધારે અત્યારે ઘણી સારી પ્રવૃત્તિ કરી શકાય.

નાના ગામો અને શહેરોને આ મુખ્ય સગવડવાળા શહેરો સાથે સાંકળી લેવામાં આવવા જોઈએ.

આ યોજના પ્રમાણે બેંગલોરના યુવાનોએ ચેન્નઈની તથા ચેન્નઈના યુવાનોએ બેંગલોરની મુલાકાત લીધેલી.

## યુવા - વિનિમય કાર્યક્રમો યોજવાની દિશામાં મહત્વનું આગેકદમ

શ્રી ક.દ.ઓ. ચેન્નઈ મહાજને શ્રી તિલકચંદ લોડાયાના માર્ગદર્શનમાં ક.દ.ઓ. યુવા વિનિમયનો જે કાર્યક્રમ ઘડી કાઢયો છે, તેણે શ્રી સમસ્ત કે.ડી.ઓ. મહાજન દ્વારા સમર્થન મળતા અન્યો પણ સહકાર આપવા આગળ આવી રહ્યા છે. જ્ઞાતિ પત્રતરીકે પ્રકાશ સમીક્ષાએ આ કાર્યક્રમની અંગ્રેજી રૂપરેખા આ અંકમાં પ્રસિદ્ધ કરી છે સાથે મુખ્ય લેખ તરીકે તે અંગે ની સામાન્ય સમજ આપી છે. આવતા અંકમાં અંગ્રેજી રૂપરેખાનું પુર્ણ ગુજરાતી પ્રગટ કરાશે. વધુ વિગત માટે શ્રી તિલકચંદ લોડાયાનો તેમના Email :ourbrotherhood@yahoo.co.in પર સંપર્ક સાધવો.

આશા છે કે જ્ઞાતિઆગેવાનો, જ્ઞાતિ અને ખાસ કરીને જ્ઞાતિના યુવાનો આ આયોજનને ઉમળકાભેર વધાવી લેશે. - તંત્રી

આ આયોજન પ્રમાણે મહેમાન શહેરના યુવાનોએ યજમાન શહેરના જ્ઞાતિજનો પાસે જઈને રહેવાનું હોય છે, જેથી તેમને અગલ વાતાવરણમાં વસતા જ્ઞાતિજનોની રહેણી - કરણી કેવી છે, તેનો ખ્યાલ આવે. તેમને રોજ ઘર બદલવાનું હોય અને તેમને ક્યાં રહેવાનું છે તેની પસંદગી પણ તેમની જ્ઞાતિના વિવિધ આર્થિક સ્તરના લોકો કેવી રીતે રહે છે તેનો ખ્યાલ આવે તે રીતે નક્કી થયેલી હોય છે.

યુવા પ્રતિનિધ વિનિમય કાર્યક્રમના નક્કી થયેલા દિવસોમાં આ પ્રતિનિધિઓ જે શહેરમાં આવ્યા હોય ત્યાંના સ્થાનિક જ્ઞાતિજનો રોજ ભેગાથઈ વિવિધ આયોજનો કરે છે. આ આયોજનોમાં વિવિધ સ્પર્ધાઓ - મહાકાલી ભાવના - ખાસીયત પ્રમાણોની રજુઆત - અનુભવની આપ - લે, પોત -પોતાના શહેરની માહિતીની આપલે - અંતાક્ષરી વગેરેનો સમાવેશ થાય છે.

યજમાન શહેરના વિવિધ જ્ઞાતિજનોને વિવિધ આયોજનોની ફરજો એ રીતે સોંપવાની હોય કે તેમને કોઈને સમય - શક્તિ કે નાણાની બાબતમાં તણાવવું ન પડે.

યજમાન શહેરને યુવા પ્રતિનિધિ વિનિમયતા કાર્યક્રમો - મુલાકાતો અને કાર્યક્રમોનો સમયપત્રક પોતાની રીતે ગોઠવવાની છુટ હોય છે.

સમપનના દિવસે યજમાન શહેરના બધા જ્ઞાતિજનો યુવા પ્રતિનિધિ વિનિમયમાં આવેલાઓ સાથે ભેગા નાસ્તો, સવાર - સાંજના જમણ કરવાના હોય છે.

યુવા પ્રતિનિધિ વિનિમયમાં આવેલાઓની અવર - જવર તથા તેમને જોવા લાયક સ્થળોની મુલાકાતે લઈ જવા માટે જ્ઞાતિજનોના કાર આદિ વાહનોનો ઉપયોગ કરવાનો હોય છે.

યુવા વિનિમય કાર્યક્રમમાં પધારેલા સભ્યોને વિદાયમાન તથા સંભારણા પણ અપાય છે.

તેઓ પોતાના મુળ સ્થળ સુધી પાછા ન ફરે ત્યાં સુધીની જવાબદારી વત્તે ઓછે અંશે યજમાન શહેરની હોય છે.

જ્ઞાતિના અત્યાર સુધીના અનુભવો પરથી કહી શકાય કે આવા યુવા પ્રતિનિધિ વિનિમય કાર્યક્રમોથી નીચે જાણાવેલ ઘણા ફાયદા થાય છે.

યુવા પ્રતિનિધિ વિનિમયમાં ભાગ લેનારાઓને જુદા વાતાવરણમાં રહેતા જ્ઞાતિજનોની રહેણી - કરણીની ખબર પડે છે.

યજમાન મહાજન આ આયોજન થકી સક્રિય, સંગઠિત અને ઉજવણીમય બને છે. પોતે યજમાન છે એવી ભાવનાથી બધા જ્ઞાતિજનો ખાસ જહેમત ઉપાડે છે.

યજમાન શહેરના મહાજનને યુવા પ્રતિનિધિ વિનિમય માટે આવેલાઓ સામે પોતાની જાતને પુરવાર કરવાની હોવાથી તેઓ પોતાના શહેરની જીવનશૈલી, તેમના વિસ્તારમાં રહેતી પ્રતિભાઓ તથા વિસ્તારની વિશે દર્શાવવા ખાસ જહેમત લેછે.

આવી રીતે બંધાયેલા સંપર્કો હંમેશા જીવંત રહે છે.

આવા વિનિમયથી યુવાનો જીવનની વાસ્તવિકાનો સામનો કરવા સજજ બને છે. તેમનામાં સમુદાય સાથે સંકળાયેલા હોવાની ભાવના જાગે છે.

દક્ષિણ ભારત એકમની સફળતા પછી મને લાગે છે કે આ આયોજનને રાષ્ટ્રીય સ્તરે પણ સફળ બનાવી શકાય તેમ છે.

એ માટે આપણે સૌ પ્રથમ કેન્દ્રીય સંકલન કર્તા તથા યજમાન - મહેમાન શહેરના સંકલન કર્તાઓનું નેટવર્ક ઊભું કરવું પડશે.

ઉનાળાના વેકેશન અને શીયાળામાં આવતા ક્રિસમસ વેકેશનો આવા આપ-લે કાર્યક્રમ માટે નો શ્રેષ્ઠ સમય ગણી શકાય.

આ કાર્યક્રમનો ખર્ચ ખુબજ મર્યાદિત હોવા ઉપરાંત તે વહેંચાઈ જવાનો છે. એટલે તેની બહુ કાળજી નહીં લેવી પડે.

મુખ્ય વાત છે નેટવર્ક ઊભું કરવાની જે આજના ઈ - મેઈલ અને વોટ્સઅપના જમાનામાં સાવ સરળ છે.

મને ખાતરી છે આ આયોજનથી જ્ઞાતિના યુવા વર્ગમાં સુમદાય સાથે સંકળાયેલા હોવાની ભાવના જાગશે સાથે સાથે જાગૃતિ પણ આવશે.

# રેલ્વે અકસ્માત પછી સમયસર સારવાર ન મળવાથી મુત્યૂ પામેલા જ્ઞાતિના યુવાન ધવલ મયુર લોડાયાને ન્યાય અપાવવા પરિવારની ઝુંબેશમાં સેંકડો જોડાયા





જ્ઞાતિના યુવાન ધવલ મયુર લોડાયા ૨૦મી માર્ચે ટિટવાલા અને આંબિવલી વચ્ચે લોકલ ટ્રેન ખળી પડી તે અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થયો. એ પછી રેલવે પોલીસે કે સ્થાનિક લોકો ને નગરસેવકે તેને સમયસર સારવાર મળે તે માટે સાથેના મિત્રોને સહયોગ ન આપતાં તેનું મૃત્યુ નીપજયું... એ વાત રોષે ભરાયેલે જ્ઞાતિજનો સહિતના તેના પરિચિતોએ રેલવે સતાવાળાઓ સામે દેખાવ કરી પોતાની નારાજી દર્શાવી. તેમનું કહેવું છે કે ભવિષ્યમાં કોઈને ધવલની જેમ સમયસર સારવારને અભાવે મરવું ન પડે એ માટે ઝુંબેશ રૂપે તેઓ તેને શ્રધ્ધાંજલિ આપવા ચાહે છે.



રેલવે સતાવાળાઓ આ બાબત તપાસ કરી દસ દિવસમાં અહેવાલ આપવાના છે.

## ધવલને ક.દ.ઓ. વિદ્યાર્થીસંઘની ભાવભીની શ્રધ્ધાંજલિ

ક.દ.ઓ. વિદ્યાર્થીસંઘે ધવલના પિતા મયુરભાઈને સંબોધીને લખેલા શોક સંદેશોમાં તેમના કુટુંબને પડેલ ખોટ સહન કરવાની પ્રભુ શક્તિ આપે તેવી શાસન દેવને પ્રાર્થના કરતા કહ્યું છે કે ધવલ પાછો તો નથી આવવાનો પરંતુ એક ધવલની કુરબાની સામે હજારો ધવલને અકસ્માત વખતે સમય સર સારવાર અપાવવી એમને બચાવવા છે. એના માટે આપણે સક્રિય રીતે કાર્ય કરી સરકાર સુધી આ સંદેશો પહોચાંડવાનો છે.

ધવલ વિદ્યાર્થી સંઘનો સક્રિય સભ્ય હતો તેથી પરિવારની જેમ સંઘને પણ તેની હંમેશા ખોટ સાલશે.


શુભેચ્છાસહ *Laxmichand Dharshi Mota*

**MOTA SHIPPING AGENCY**
C.H.A.No. 11-0404

રાજ લક્ષ્મી આરોગ્ય ધામ - પંચગીની
સંપર્ક : 08879677709

શુભેચ્છાઓ સહ...
**સાંધવ રત્ન**
**શ્રી મુલજી રાઘવજી લોડાયા**
**MRL Group of Companies**

શુભેચ્છા સહ...
**શ્રી ઉત્તમચંદ કલ્યાણજી ખોના (કોઠારા)**
**UK KHMJI & CO.**
144, Vasant Market yard, 4th Lane, Sangli
MH - 416 416 Tel.: 2670910 / 2322057

**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**
**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**
C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.

**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

# KDO YOUTH AMBASSADORS EXCHANGE PROGRAMME

**TILAKCHAND LODAYA (Chennai)**

Email :ourbrotherhood@yahoo.co.in



The platform of life isn't too tailor-made. The setting is not perfect. We have to channelize our resources, talents and energy to derive maximum benefits from them. With the idea of involving youth in social activities and community development, the idea of organizing KDO Yuva Milans came to me and fortunately this idea has changed the canvass and kaleidoscope of our Community since last two decades. Yuva Milans at National / Ekkam level have become special annual features of our community. The direct and indirect of them have yielded huge social dividends when we happily observe that youngsters are very actively participating in all social activities of our community spread over many parts of India. They are leaders of today and are also preparing leaders of tomorrow.

Organizing Yuva Milans at National level have become a costly affair. The amount spent by the community in organising one such ranges between Rs.35 – 50 lakhs. Can we think of an additional activity which can involve the entire community at a much cheaper cost and at the same time yield equal or better results as the ultimate principle of a social or corporate strategy is to Maximise impact while Minimising efforts.

I have in mind one such programme. This was experimented by me about 17/18 years back under the auspices of DB KDO Jain Ekkam, Bengaluru and was a grand success from every angle. It was limited to the jurisdiction of this Ekkam and group of five or more eligible youngsters went to different and pre-programmed cities for a period of 3 clear days on the principle of reciprocity.

The highlights of this Youth Exchange programme were as under:

1. Cities selected were Bangalore, Hubli, Gadag, Hyderabad, Kochi, Calicut, Coimbatore and Chennai. These cities had a good KDO population and infrastructure.

2. Easy connectivity by a convenient mode of transport and the distance factor were considered while allocating the cities.

3. Nearby towns with lesser KDO population were included in the cluster of the host or guest cities for sending or receiving ambassadors.

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલિકાઓના પ્રણેતા ®
તન મન
ટુર એન્ડ ટ્રાવેલ્સ
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

કોઈ પણ સમાજનો વિકાસ તેની યુવાપિઢી પર ઘણે નિર્ભર હોય છે. ક.દ.ઓ. જ્ઞાતિના યુવાનો એકબીજા સાથે મળે અને તેમનામાં સામુદાયિક એકતાની ભાવના પ્રત્યે તે માટે સમયને અનુરૂપ પ્રયત્નો કરવાજ રહ્યા આ બાબત લેવાય રહેલા પગલા સફળતાને વરે એવી શુભકામના.
- તન-મન પરિવાર

શિખરજીની એકમાત્ર અને સર્વ પ્રથમ આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત વાતાનુકુલીત હોટલ
SHIKHARJI ™
Continental
MADHUBAN - JHARKHAND
06558-232429

4. The group of youngsters from one city visited the other selected city. For example Bangalore youngsters went to Chennai and vice versa.

5. The allotment of residences was logically done to ensure that they can have hands on experience of living with the community people of different economic strata.

6. The allotment of residences was logically done to ensure that they can have hands on experience of living with the community people of different economic strata.

7. The place of stay was changed every day.

8. The food was arranged by the host, unless there was a dining out programme.

9. The site seeing schedules, including temple visits were inbuilt in these 3 days visit.

10. Every day there was an interaction between the entire community people of that city with the visiting ambassadors. These gatherings included few competitions, a MahaKali Mata bhavana, Talent presentation, experience sharing, giving details about the city from which they came, Antaskari etc. etc. depending on the programmes of the host city.

11. As the host cities had arranged and delegated duties to various community members for different events, nobody was overburdened either with time, energy or finance.

12. The host cities were given full freedom to organise their programmes, visits and schedules as per their convenience and capacity.

13. The last programme included a common Breakfast, lunch or dinner with all the residents of the host city.

14. The four - wheelers belonging to community people were used for the movement of the visiting ambassadors.

15. Mementoes and Gifts were given to the visiting dignitaries.

16. Receiving and send-off was done by the selected residents of the host city. They made themselves comfortable only when the ambassadors reached their respective homes in the guest city.

17. The participants shared their experiences about their visit to the local Mahajans on their return.

This youth exchange experiment was a grand success and had the following important benefits:

1. For the young ambassadors, it was a novel and memorable experience of meeting and staying with different community people in a different city.

2. The host mahajan became very active, united and was in a celebration mood. All the people did their best to put up a good show as is normally done by a host.

3. Apart from the participants, the involvement of all the members of the host mahajan increased tremendously as if it was a grand event to showcase their style of living, their city, their brotherhood and their talents to the ambassadors from other cities.

4. Recently, I met a lady in her early forties and I was astonished to hear her vivid and pleasant Youth Exchange experience, which she was gleefully narrating.

5. The contacts developed remained permanently engraved in their minds.

6. Recently my daughter Dr. Smt.Mahima Mohit Dand visited for 5 weeks California, the USA, in a Rotary Youth Exchange Programme. She had a wonderful unforgettable time, which one will not have a chance to experience even

if one spends a million US Dollars. Our young ambassadors will have similar experience in our own country.

7. The lessons learnt from this experience help to prepare themselves to face life in a better way. This contributes to their sense of belonging and KDO community and its heritage.

8. Outing with a group is always a fun.

9. Developing an art of relationship and mastery in communication will provide a platform to facilitate the creativity in the youngsters by hands on experience. It was a life time experience for them.

From this pilot project experience, I am sure that we can replicate it at a National level. Central co-ordinators like Samast Mahajanshri and/or the Mumbai Mahajanshri and other Ekkams may organise this Youth Ambassadors Exchange Programme under their banner and will select the dates, cities or suburbs of Mumbai and number of ambassadors they would each like to receive or send to different towns and cities and suburbs of Mumbai. The local Mahajans will themselves prepare the itineraries, staying places, programs, site-seeing visits, etc...

The travel programmes have to be organised and arranged by the host and the guest cities in co-ordination with each other and the Central Co-ordinators. The exchange period could be during summer vacation and/ or in the last week of December. If found convenient, the ambassadors of guest city can visit host city in the month of May and vice-versa on different dates in the month of May or December or some cities can be in the month of May and the counterpart cities can be in the month of December so that all the youngsters have an opportunity of meeting their colleagues. The entire KDO community located in the length and breadth of the country will get involved in this program both as a guest city as well as a host city. I cannot visualize the amount of sense of belonging, enthu, involvement and 'jagruti' will be generated amongst the community members in this pioneering programme. The cost of this program will be negligible and that too will be shared happily by the entire community. With the present day networking and facilities like e-mails, face book, Whatsapp and so on, there will be a tremendous constant exchange of information and goodwill amongst the ambassadors, the host city, the guest city and the community at large.

**Just like in Yuva Milans, our community may be the first community to organise such a Youth Ambassador Exchange Programme for its members on a national scale.** Once this succeeds it can be replicated, improved upon year after year and may also be organised for different age groups of ladies and gents.

***Raaste samaaj banaa degaa,***
***Manzil sirf tum chuno;***
***Dost Samaaj banaa Degaa, Aap sirf us dostiko Nibhao.***

Other benefits of this novel programme you can visualise and think and the community will become more aware of each others' living style, requirements, economic and matrimonial challenges etc.. I am sure that the community will be ready to accept and implement this simple and powerful idea. The past has led us up and let the future lead us on. What we are and what we have been has no bearing on what we can be.

Life itself means variety. LET US LIVE TO GIVE and GIVE TO LIVE. It is inviolable law of life that when you expect good, good will come to you. There is always an exchange between Good and Good.

# DRAFT OUTLINE FOR THE PROPOSED PROGRAMME OF KDO YOUTH AMBASSADORS EXCHANGE AT NATIONAL LEVEL




1. The organisers of the programme is Shri. Samast KDO Jain Mahajan, Mumbai and Shri. KDO Jain Mahajan, Chennai.

2. The proposed dates for exchange visits & reciprocal visits: -

15, 16, 17 – August 2014 &

3, 4, 5 - October 2014

3. Eligibility: Unmarried Boys and Girls between the age group of 19 to 27.

As per our latest Vasti Patrak, we have 1116 unmarried girls and 1365 unmarried boys between the age group of 19 - 27.

4. As per our latest Vasti Patrak, population of KDOs in various Towns and Cities is enclosed in a separate Annexure. On the basis of this, tentative figures of Ambassadors have been worked out. These figures may be amended by the Host and the Guest City Districts after mutual discussion.

5. For the sake of convenience, the important cities are proposed together including the nearby areas with lesser population and they have been termed as City Districts. The total numbers of such City Districts have worked to 60 subject to amendments. As I have no complete knowledge about the nearby Towns in Maharashtra, Gujarat and Madhya Pradesh, the concerned Ekkam or Mahajans may prepare such Groups of City Districts as per their practice and convenience. There is nothing hard and fast about this grouping.

6. The list of such City Districts, their minimum population and number of Ambassadors which may be sent or received is as under.

1. A tentative exchange visits by the KDO Ambassadors is proposed to be as under:

| DISTRICTS FROM | (VICE-VERSA) | DISTRICTS TO | |
|---|---|---|---|
| Kochi, Calicut, Alleppy-15 | - | Hyderabad | - 15 |
| Nagpur - 5 | - | Indore | - 5 |
| Mumbai City Districts- 55 | - | Gujarat, Kutch & Udaipur (except Ahmedabad) | -55 |
| Ahmedabad - 15 | - | Madhyapradesh (except Indore) | -15 |
| Pune, Solapur, Sangli -14 | - | CBE, Chennai (TN) Raichur, Bellary | - 14 |
| Karnataka & Goa (except Raichur & Bellary) - 31 | - | Mumbai | -31 |
| Indore - 5 | - | Nagpur | - 5 |
| Raipur - 5 | - | Kolkatta | - 5 |
| Ahmed Nagar, Aurangabad, Chalisgaon, Dhule, Jalgan, Jalna, Nanded, Karad, Nasik & Nasik Road, Yavatmal – Pusad, Khamgam, Malakapur Amelner+Parola, etc., | - 47 | Mumbai | -47 |

Total Ambassadors will be 378.

RAJSHREE YOGA & FAT FREE ZONE ®

||RAJSHREE YOGA||

WEIGHT MANAGEMENT & FITNESS CENTER
Since 1994

## ૨૦ કિલો કે તેથી વધુ વજન ઉતારવુ હોય તો લોકો સર્જરી કરાવે છે. જેમાં લાખોનો ખર્ચ પછી હંમેશા ડાયેટ અને છતાં પણ જોઇતો શેપ આવવાનું નક્કી નહીં.

## ગમેતે ઉંમર હોય, ગમે તે બિમારી હોય, ગમે તેટલું વજન ઓછા ખર્ચે, ટૂંક સમયમાં ઘટાડીને પરફેક્ટ શેપ જોઇતો હોયતો **રાજશ્રી યોગા અને ફેટ ફ્રી ઝોનમાં** જ શક્ય છે.


પહેલાં


પછી

**નામ નહીં કામ બોલે છે**

**મહેક શૈલેષ સોની**

**ગામ–વડાલા**

**ઉં. વ. ૧૩**

**પહેલા વજન ૮૪ kg.**

**પછી વજન ૫૩ kg.**

**૫ મહીનામા**

**ટોટલ ૩૧ કિલો ઉતર્યા**

**ટોટલ ૧૫૩ ઇંચ ઉતર્યા**


પહેલાં


પછી

"હું જાડી હતી ત્યારે મનેજ ગમતી નહીં ૩ અટ્ટાઇ કર્યા પછી પણ આવીજ રહી. હું ગ્રુપમાં સૌથી જાડી હતી. બધા મારી પાછળ મારી મજાક ઉડાવતા. પરંતુ રાજશ્રી યોગામાં આવીને મારી બધી તકલીફો દૂર થઇ ગઇ. મારી પર્સનાલીટી જ નહીં મારી જીંદગીનો અર્થ જ બદલાઇ ગયો. મને ક્યારેય નથી લાગ્યું કે હું વજન ઉતારવાનો કોર્સ કે ડાયેટ કરી રહી છું. મે દરેકે દરેક સેશન માણ્યા છે. મનેજ ખબર પણ ન પડી કે ધીરે ધીરે કેવી રીતે હું સુંદર શેપમાં મોલ્ડ થઇ ગઇ. મારા કપડાની સાઇઝ XXL માંથી (S) સ્મોલ થઇ ગઇ અને મારી ચપ્પલ ની સાઇજ પણ બદલાઇ ગઇ"

**Contact : 2437 3503, 9323333303, 9321899909**

લોકોને ૫ કિલો વજન ઉતારવું પણ મુશ્કેલ લાગતું હોય છે. પરંતુ મહેકે સ્કુલના બીઝી શેડયુલ માંથી સમય કાઢીને હસતાં હસતાં આત્મવિશ્વાસથી ૩૧ કિલો વજન ઘટાડીને એની ઉંમરનાઓ માટે તંદુરસ્તીનો મહેકતો મેસેજ આપવા બદલ અભિનંદન. માત્ર દેખાવજ નહીં પણ જીંદગીના દરેક ક્ષેત્રે સુંદર અને સફળ રહે તેવી શુભેચ્છા.

**મેડીકલ ડૉક્ટરનું માર્ગદર્શન ઉપલબ્ધ. એપોઇન્ટમેન્ટ લેવી જરૂરી.**

**ખાસ નોંધ : અમારા કોઇ આસીસ્ટન્ટ, અમારા દ્વારા તાલીમ લીધેલ કોઇ વ્યક્તિ કે ક્યાંય બ્રાન્ચ કે ફ્રેન્ચાઇઝી નથી.**

૫, ધન બીલ્ડીંગ, પહેલે માળે , દાદા સાહેબ ફાલકે રોડ,
ગાડગે મહારાજ સેનેટોરિયમની સામે ભરતક્ષેત્રની ગલી માં, દાદર (ઇ), મુંબઇ -૪૦૦ ૦૧૪

વેબસાઇટ : www.rajshreeyoga.com E-mail : rajshreeyoga@gmail.com

| CITY DISTRICTS | APPROXIMATE POPULATION | APPRO. NO. OF AMBASSADORS |
|---|---|---|
| **KARNATAKA CITY DISTRICT** | | |
| Bengaluru & Mysore | 400 | 8 |
| Hubli - Kumta, Sirsi, Mangalore | 600 | 10 |
| Gadag - Kopal, Yalvigi, Akkialur | 225 | 6 |
| Bijapur – Bagalkot, Lokapur | 80 | 4 |
| Bellary – Guntur | 50 | 2 |
| Raichur – Saidapur, Krishna, Gulbarga, Adoni, Mehboob Nagar | 80 | 3 |
| **GOA – BELGAUM** | 69 | 3 |
| **KERALA CITY DISTRICTS** | | |
| Kochi, Ernakulam, Kumbhalam | 430 | 9 |
| Alleppey, Quilon, Trivandrum | 47 | 2 |
| Calicut – Badagar | 147 | 4 |
| **TAMILNADU CITY DISTRICTS** | | |
| Coimbatore – Tirupur, Salem, Pollachi, Erode | 345 | 7 |
| Chennai – Nagercoil, Pondicherry | 80 | 2 |
| **ANDHRAPRADESH CITY DISTRICTS** | | |
| Hyderabad – Secunderabad, Nizamabad, Vikarabad, Vijayawada, Guntur | 770 | 15 |
| **MAHARASHTRA CITY DISTRICTS** | | |
| Ahmed Nagar | 84+ | 2 |
| Aurangabad | 130+ | 3 |
| Chalisgaon | 152+ | 4 |
| Dhule | 166+ | 5 |
| Jalgaon | 395+ | 10 |
| Jalna | 95+ | 2 |
| Sangli, Karad, Satara | 178+ | 4 |
| Nanded – Parbhani | 204+ | 5 |
| Pune | 371+ | 8 |
| Solapur | 79+ | 2 |
| Karanja | 79+ | 2 |
| Nagpur | 156+ | 5 |
| Nasik & Nasik Road | 220+ | 4 |
| Yavatmal – Pusad | 78+ | 2 |
| Khamgam | 151+ | 3 |
| Malkapur | 152+ | 3 |
| Amelner + Parolla | 85+ | 2 |
| **MUMBAI CITY DISTRICTS –** | **Total 16501** | |
| Navi Mumbai – Panvel, Alibagh, Palghar, Agasi | | |
| Mulund | | |
| Bhandup – Vikhroli | | |
| Thane – Ullas Nagar | | |
| Dombivili – Vittalwadi, Thakurli, Diva | | |
| Ghatkopar – Chembur, Vidyavihar | | |
| Ambernath – Badalpur, Aassangav, Sahad, Shahpur, Titwala, Vajreshwari | 16501+ | 133 |
| Andheri – Bandra, Santa Cruz, Juhu | | |
| Borivili – Dahisar, Bhayandhar, Virar | | |
| Goregaon | | |
| Masjid Bunder – Malbar Hill, Peddar Road, Kambhala Hills, Worli, Valkeshwar, Tardeo, Sandhurst Road, Churchgate, Cotton Green, Fort, Gamdevi, Girga, Breach, Byculla, Chinch Pokali | | |
| Matuga – Chunna Bhatti, Dadar, Vadala | | |
| **MADHYAPRADESH CITY DISTRICTS** | | |
| Bhopal | 102+ | 4 |
| Indore | 332+ | 5 |
| Khandwa | 77+ | 3 |
| Sendhwa | 140+ | 5 |
| Burhanpur | 76+ | 3 |
| **CHATTISGARH CITY DISTRICT** | | |
| Raipur | 227+ | 5 |
| **WEST BENGAL CITY DISTRICT** | | |
| Kolkatta | 121+ | 5 |
| **GUJARAT CITY DISRICTS** | | |
| Ahmedabad – Gandhi Nagar | 700+ | 15 |
| Ankeleshwar | 152+ | 4 |
| Jam Nagar | 192+ | 4 |
| Rajkot – Veraval | 98+ | 3 |
| Surat | 96+ | 3 |
| Vadodara | 515+ | 12 |
| Vapi – Valsad | 152+ | 4 |
| Gadhidham – Adipur, Antarjal, Gopalpuri | 835+ | 20 |
| Bhuj and surrounding areas | 140+ | 3 |
| Naliya and other towns & villages of Abdasha Taluk | 234+ | 4 |
| **RAJASTHAN CITY DISTRICT** | | |
| Udaipur & Surrounding areas | 34+ | 2 |
| **Total** | | **378** |
| | | |

On this arrangement, your learned comments are solicited

8. The important factors which have been kept in mind while programming this Youth Exchange are as under:

a. The Maximum train travel time will be around 12 – 15 hours;

b. The minimum duration of the programme is for 3 days and 2 nights. This may increase depending on the train

connections;

c. The summer vacation period has been avoided, because of weather, travel rush and the available time to organize is less. Already many of the Ambassadors would have planned their vacation outings and getting railway tickets during this period will be difficult. The days selected are almost the holidays and in all likelihood, there will not be any exams or semesters. The month of December has also been not taken into consideration because of the proposed Gnati Sammelan at Raipur.

9. Total flexibility will be given to the host and guest city districts for convenient and successful organisation of this programme, its scheduling, contents, stay facility, etc.;

10. Mumbai will not mean the entire city. As explained earlier, the City Districts in Mumbai will be independent Hosts and Guests. For ex.: If guests come to Mulund, the Host city district will be only Mulund and it will be Mulund Sangh which has to organize the entire event and vice versa.

11. The Host and the Guest City Districts will have freedom to increase the number of Ambassadors to be received or sent depending on their needs;

12. The role of Shri. Samast Mahajan and Shri. Chennai Mahajan will be that of a Coordinator only. The other finer details will have to be worked out by the respective Ekkams, Mahajans or City Districts in consultation with the Coordinator;

13. Broad guidelines for the host and the guest city districts will be prepared shortly and sent by email for your suggestions;

14. The cost of travel will be borne by the Ambassadors or their Mahajans partly or fully;

15. As the stay will be in the residences of the Community Members, there will be no cost of lodging and boarding. Site-seeing, etc., programmes will have to be organized by the Host City Districts. The coordinator will have little role to play in any of these events.

16. The proforma of the feedback report to be obtained from the Host City and the Ambassadors will be sent to you shortly for better understanding and future guidance.

17. The contact numbers of all the major cities other than Mumbai have been obtained and once the programme is approved and finalized, they will be contacted for further action and information.

18. The benefits of this Youth Ambassadors Exchange in my enclosed article.

19. It is proposed that entire India, except Mumbai Region will be coordinated by Shri. Chennai Mahajan with the help of Ekkams and other Mahajans and the activity relating to organizing Mumbai Ambassadors, etc., will be done by Shri.Samast Mahajan.

20. Publicity materials may be prepared by both and got it printed by Samast Mahajan in community magazines. Social media publicity will be done by Shri.Chennai Mahajan.

21. Your views, suggestions and ideas are solicited for further refining the programme, so that it is designed and structured well, we should benefit the Community as a whole.

***- Tilakchand.***

અસલ કલા-કસબનો સમન્વય
જ્યોતિ
સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
સાડીઓ • ચણીયાચોળી • ઘરચોળા • બોર્ડરો
પાનેતર • બાંધણીઓ મનભાવન ડીઝાઈનો,
શ્રેષ્ઠ ક્વાલીટી અને વ્યાજબી ભાવ...
૧૩૪/૩૬, બીજે માળે, ઝવેરીબજાર, ખારાકુવા સામે,
મુંબઈ- ૦૨. Tel. : 22413995 / 22402786

# ગિવિંગ સ્પેસ (મોકળા આપવી .... વ્યક્તિગત સ્વતંત્રતા સ્વીકારવી)

**વનિતા**



**વિશ્વ**

પ્રિય બાળકો,

તમારા જમાનાનો આ નવો શબ્દ 'giving space' મને કાંઈ સમજાતો નથી. હમણાં આ વળી નવું તૂત નીકળ્યું છે! આનો કાંઈક એવો અર્થ થાય કે ''સબ સબ કી સંભાલિયો.... મૈં મેરી ફોડતા હું'' ખરું? અરે ભાઈ, મા - બાપ વળી બાળકોને 'મોકળાશ' આપી દે, 'સ્પેસ' આપી દે, તો થઈ રહ્યું! તમારા પ્રશ્નો મારા છે, તમારી ચિંતાઓ મારી છે. હું એવી સ્પેસ - બેસ આપવામાં સહેજેય માનતી નથી, હોં કે! સમજી લેજોજ! નવાઈ લાગે છે, બાળકો? એમાં નવાઈ પામવા જેવું કાંઈ નથી. ઓ.કે.? મારી પાસે જવાબ તૈયાર જ છે. આપણા ઘરમાં તમને બધાંને ખાસ્સી મોકળાશ મળે જ છે. બીજું, તમને તમારા વિચારો રજૂ કરવાની સંપૂર્ણ છૂટ છે, અને સૌથી અગત્યનું તો એ કે, તમને હરાયા ઢોરની જેમ છુટ્ટા મૂકી દેવામાં મને અશાંતિ થઈ જાય છે. આઈ એમ એક્સટ્રીમલી અનકમ્ફર્ટેબલ... અસુખ લાગે છે!

બાળકો, તમને ક્યારેય એવું લાગે છે કે હું આદુ ખાઈને તમારી પાછળ પડી ગઈ છું? કોઈ છૂટ જ નથી આપતી? એવું હોત, તો તમે ક્યારેક તો મને કહ્યું જ હોત ને, કે મોમ, બહુ થયું હવે... પાછળ પડી ગઈ છે તું તો! છતાંય, ક્યારેક મને પોતાને જ એવું લાગે છે કે હું ચંચુપાત કરું છું. તમારી પર્સનલ બાબતમાં માથું મારી દઉં છું. એવે વખતે હું મારું બચપણ યાદ કરું છું.... અમે એક કુંટુંબ તરીકે રહેતા. મા-બાપુજી- ત્રણેય બહેનો અને મારો વહાલો ભાઈ ! આપવાનો કે મેળવવાનો સવાલ જ ન હતો. કુટુંબ એટલે બધું જ. અમારો રૂમ અમે ક્યારેય અંદરથી લોક ન કરતા. અમને એવી સત્તા જ ન હતી. બાપુજી તરત જ લાખ આંખ કરે.... તારે એકાંતની શી જરૂર છે, શોભલી? મારાથી વળી તારે શું સંતાડવાનું હોય, હેં બેટા? અમે તો તમારા મા-બાપ કહેવાઈએ.... અમને નહીં કહે તો કોને કહીશ?.... એ દિવસોમાં મા-બાપને બધું કહેવાની વાતને હું ધિક્કારતી, પણ ક્યારેય એ બાબતમાં કે બીજા કોઈ વિષયમાં બાપુજીની સામે બોલવાનો સવાલ જ ન હતો. ઈટ વોઝ જસ્ટ નોટ પોસિબલ...

આ સ્પેસનું ભૂત વળી હમણાં હમણાંથી ધૂણ્યું છે. મોડર્ન વિચાર છે, ખરું ને? એમ ટી.વી...... વી.ટી.વી..... વિવિધ સિરયલો, બધામાં આ શબ્દ વારંવાર સાંભળું છું. બધાને પોત પોતાની જગ્યા, મોકળાશ, સ્વાતંત્ર્ય, છૂટ જોઈએ છે, પણ શેની છૂટ? કાંઈક છુપાવવાની? ખોટું કરવાની? આળસુની જેમ પડી રહવાની? તમારે બધાંને શેની છૂટ જોઈએ છે? હું નાની હતી ત્યારે મારે પણ અમુક વસ્તુઓ મારાં પરેન્ટ્સથી છુપાવવી પડી હતી. તેથી હું તમારી બધાંની લાગણી સમજી શકું છું. આજે જ્યારે એ છુપાવેલી ચીજવસ્તુઓ... વાતો વિશે જ્યારે વિચારું છું ત્યારે મને મારી જાત પર હસવું આવે છે. હું કેટલી બાલિશ હતી! અમારે વખતે તો આખા ઘરમાં એક જ ફોન હતો. એ પણ ઘરની વચ્ચોવચ્ચ. તેથી કાંઈ છુપાવું હોય તો સાવજ ધીરેથી ગણગણવું પડે!.... વળી, ભીંતનેય કાન હોય.

અમારી પર ક્યારેક પત્ર આવે તો બાપુજી તરત બોલીને વાંચી કાઢતા. અમે કાંઈ જ ન બોલી શકીએ. આજના મા-બાપની તો દેન છે કે તેમનાં બાળકો પર આવેલ ટપાલને અડી શકે? જોકે ટપાલ તો લખાવી જ ભુલાઈ ગઈ છે. હવે તો એસ.એમ.એસ. અને ઈમેલ્સ! છતાંય ક્યારેક તમારો સેલ ફોન વાગ્યા કરતો હોય અને હું ઉપાડું તો સામે તમારા મિત્રો મારો અવાજ સાંભળીને ગભરાઈને ફોન મુકી દે છે... ત્યારે મને મારા બાપુજી યાદ આવે છે. મારા મોડલિંગના દિવસોમાં કોઈક પુરુષોના ફોન અમારે ઘેર આવે ત્યારે બાપુજીનો અવાજ સાંભળીને છોકરાઓના છક્કા છૂટી જતાં.... તરત જ ફોન કટ!

મને ચિંતા એક જ બાબતની હોય છે.... તમે જે કાંઈ મારાથી છુપાવવા માગો છો, તેનાથી તમને હાનિ તો નથી ને? નુકસાન તો નહી થાય ને? દીકરીઓ બહાર જતી હોય ત્યારે સ્વાભાવિકપણે પુછાઈ જાય છે.... બેટા કોણ કોણ જાઓ છો? ક્યાં જવાના? કેવી રીતે? પાછા ક્યારે આવશો? તને કોણ મૂકવા આવશે? હું ઘરમાં રાતોની રાતો જાગતી પડી રહું તે યોગ્ય છે? દીકરીઓ મને હસતી હસતી કહે છે પણ ખરી.... 'મોમઃ તું કાંઈક ભૂલી જતી લાગે છે. અમને એકવીસ થયાં. ક્યાં સુધી અમારી ફિકર કર્યે રાખીશ?''

''દિકરીઓ, સાચું કહું, હું જીવીશ ત્યાં સુધી.'' મારાથી બોલાઈ જાય છે. આપણા ઘરમાં બધા વાતોડિયા છે. અંદર અંદર આપણે સતત વાતો કરતા

હોઈએ છીએ. બહુ ઓછા કુટુંબો મેં આવા જોયા છે. મારી બહેનો મને ઘણી વખત કહે છે, “શોભા, તારાં છોકરાં તને એક મિનિટ માટેય રેઢી મૂકતાં નથી. હમણાં તો તું ઘેરથી આવી. પાછળ ને પાછળ ફોન આવ્યો?”

શું કહું મારી બહેનોને? કે મારી મોટી દીકરીને મેં દસ અને સાડા દસની વચ્ચેનો સમય આપ્યો છે, દીકરાને રાત્રે નવ પછી..... રાત્રે દસ પછી હું કોઈના ફોન લેતી નથી. બાળકોને આવું કહું? કેટલીય વાર મારા બાળકોનું હોમવર્ક મોંઢે લેતી હોઉં ત્યારે મારું ધ્યાન નોટબુકમાં નથી હોતું. સવારના કામની ચિંતા હોય! પણ કાંઈ વાંધો નહીં. મા થઈ છું. મારા બાળકોથી અગત્યનું મારે માટે કાંઈ જ નથી.

કાલે જ હું લખવા બેઠી કે તરત જ મારી સૌથી નાની દીકરીનો ફોન આવ્યો, મમ્મી મને ગાડીમાં એકલી બેસાડીને ડ્રાઈવર કાંઈક કામ કરવા જતો રહ્યો છે. મને ખુબ ડર લાગે છે. એ રડવા લાગી. મેં તરત જ ડ્રાયવરના ફોન પર રિંગ કરીને કામ પડતું મૂકવા કહ્યું, “બેબી કો લેકર ઘર આ જાઓ, મહંમદભાઈ” પંદર જ મિનિટમાં મારો લેખ લેવા છાપાની ઓફિસમાંથી પ્યુન આવવાનો હતો. બેબીની ચિંતામાં હું આગળ કાંઈ લખી શકું તેવી સ્થિતિમાં જ ન હતી. શું કરું? કોલમ પડતી મુકાઈ ગઈ.

આવા સમયે હું હંમેશા મારી બાને યાદ કરું... પોતાનું કુટુંબ એને માટે સર્વસ્વ હતું. એને ભાષણો કરતા આવડતું નહોતું. બજાર જવાનું... બેંકના કામો ન હતા... લેખ લખવાના ન હતા. હા, એને પણ વખતસર કામ પતાવવા પડતા, પણ મોટે ભાગે રસોઈ, બાળકોને તૈયાર કરવા, વગેરે. ચોવીસ કલાક એ અમારે માટે ખડેપગે હાજર રહેતી, એ વાતની અમને ભારોભાર શાંતિ લાગતી. રસોડામાં તો શું, અમારા બા-બાપુજીના બેડરૂમમાં પણ ગમે ત્યારે પેસી જવાની અમને સંપૂર્ણ છૂટ હતી. બાપુજીની અમને બીક લાગતી પણ હંમેશા એ અમારી વાત સાંભળતા. બાએ તો ક્યારેય કહ્યું ન હતું કે જા, આઘી જા, મારે કેટલું કામ પડયું છે, જોતી નથી? જો મારી અભણ મા અમને ટ્વેન્ટી ફોર અવર્સ સર્વિસ આપી શક્તી હોય તો હું તો ભણેલી - ગણેલી છું. મારે તો સતત બાળકોને પડખે રહેવું જ જોઈએ. ને!?

લ્યો, મા તરીકે હું આવું વિચારું છું, ને મારા બાળકોનો સ્પેસ જોઈએ છે...! આઝાદી.... સ્વાતંત્ર્ય.... પોતાની માથી મોકળાશ! સારું ત્યારે બાળકો એક વાર હું તમને છૂટા મુકી જ દઈશ. એ દિવસ આવશે ત્યારે તમને હું બહુ યાદ આવીશ અને મને ખાતરી જ છે કેમ કે એ દિવસ મારા મૃત્યુ પછી જ આવશે.

તમારી જ, મા.

***- શોભા - ડેના પુસ્તક માંથી સાભાર***


Since 1984...
**Lagna Deep**
બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)



**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી, રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા**

- રીયલ બટ કસબની સાડી બોર્ડર • પીટ્ટા તાર ભરતની સાડી
- કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
- બ્રાઇડલ ચણીયા ચોળી, ડીઝાઇનર સાડી
- પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

**(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)**
**જુના ઘરચોળા સારી કિંમતે લેવામાં આવશે.**
**Mob. : 7666688881**
**ગુરૂવાર બંધ**

લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

- સાચી/ટેસ્ટેડ કસબ અને જીક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
- રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ડ સાડીઓ.

૧, રૂપલ અપાર્ટમેન્ટ, દાદા સાહેબ ફાલકે રોડ, દાદર (ઈ), મુંબઈ - ૧૪. ટે. ૨૪૧૬ ૪૨૩૯

**સંપર્ક: દિનેશ દેઢિયા - 92234 25676**

# કચ્છી કવિતા - પ્રકાશ - નવીન હીરાચંદ પટેલ (વડોદરા)

કચ્છી ભાષા મેકણદાદાના જન્મ પહેલાં પણ બોલાતી હશે પરંતુ એની સક્રિય નોંધ સને ૧૭૦૦ આસપાસથી જ લેવામાં આવતી હોવાનું જણાય છે. કચ્છી વિદ્વાન **પ્રભાશંકર ફડકે**એ **'કચ્છી સાહિત્ય વિકાસની વાટે'** માં ટાંકેલ છે કે કચ્છી એક વિલક્ષણ ભાષા છે, ન નિશાળમાં ભણાવાય છે, ન કદી રાજવહીવટનું માધ્યમ બનેલ છે. એ કચ્છનાં રાજવીઓની રાજિંદા વ્યવહારની ભાષા રહી, તે જ રાજવીઓએ એને પિતૃભાષા એટલે બાબાણી બોલી કહી. **'બાબાણી બોલી'** એ નામ રાજઘરાનામાં પિતા જાડેજી **'કચ્છી ભાષા બોલે'** અને માતા તથા રાણી ઈતર પ્રદેશની હોય એ કારણે પ્રચલિત થયું.'

ખાજે શરૂઆત કરીએ કચ્છનાં મેઘાણી તરીકે જાણીતા **દુલેરાય કારાણી** (ઈ.સ. ૧૮૯૬-૧૯૮૯) ના અમૂલ્ય શબ્દોથી.....:

***"નમાંતો માતા, શારદા નમાંતો,***
***રમાંતો તોજે, રસ મેં રમાંતો,***
***માતા! અચી વિઞ, મૂંજી કલમ મથે,***
***મંગાતો ઈતરો, માંડ્રી મંગાતો!"***

(નમું છું માતા શારદા (સરસ્વતી) તને નમન કરું છું. રમું છું હું સદાય તારા સદાય તારા રસમય ગુણોમાં. હે માતા! તારી પાસે હું એટલું જ માંગુ છું કે તું આવ ને મારી કલમ પર બેસ જેથી હું સારી રીતે લખી શકું.)

કારાણીએ આ બાબાણી બોલી વિશે અનેક પંક્તિઓ તથા કવિતાઓ રચેલ છે.

***"બાબાણી બોલી જો મૂં મે,***
***હરધમ ભરેઓ નરધમ નાણું:***
***વપરાજે તીં વધંધો વિઞે,***
***ખુટે ન આય એડો આય ખજાનું."***

